સત્યં વદ

॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ધર્મં ચર

ૐ


# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૪૦ સંવત ૨૦૭૪ ચૈત્ર - વૈશાખ, એપ્રિલ – ૨૦૧૮ અંક – ૪








પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી
તા. ૧૮-૦૩-૨૦૧૮ ને રવિવારે વિદ્યાનગર શ્રી માધવ ગુરૂકુળના ટ્રસ્ટીઓ સાથે શ્રી માધવ ગુરૂકુળમાં વિચરણ કરતા.

સંપર્ક : ગોરધનભાઈ – ૯૮૯૮૩ ૨૨૬૫૦

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષ: ૪૦ / એપ્રિલ-૨૦૧૮/ અંક-૪

## અનુક્રમણિકા


**૪** કઠોપનિષદ્ — **કૃષ્ણા જી. સવાણી**

**૮** બાળપણના સંસ્કાર — **ગોરધનભાઈ જે. ગાબાણી**

**૯** સત્સંગ એટલે ઉર્ધ્વગતિ — **સુધા એસ પંચાલ**

**૧૧** કિર્તન

**૧૪** ગરબી — **વાલજીભાઈ વઘાસિયા**

**૧૫** ગુરૂ સ્તુતિ — **વાલજીભાઈ વઘાસિયા**

**૧૬** માધવ ગુરૂકુળ પત્ર — **કાળુભાઈ કોશીયા**

**૧૮** બાળ સંસ્કાર શિબિર ફોર્મ ભાવનગર

**૧૯** બાળ સંસ્કાર શિબિર ફોર્મ ચાણોદ

**૨૦** સત્સંગ સમાચાર — **સંકલિત**

**૨૧** સત્સંગ સમાચાર — **સંકલિત**

**૨૨** સત્સંગ સમાચાર — **સંકલિત**




## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક,
વરાછા, સુરત-૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

**: સંપાદક (Editor) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૯ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



(ગતાંકથી ચાલુ) બુક નં. ૪

**દૃષ્ટાંત :**

અમદાવાદમાં એક શેઠને ત્રણ મિલો હતી અને એને ચાર પુત્રો હતા. એમાં મોટા પુત્રના લગ્ન જ્યારે થયા. પછી એકાદ વર્ષ પછી એની પત્ની કહેવા લાગી કે આપણે જુદું રહેવું છે ધ્યાનથી સાંભળજો થોડું, કેમ કે લોકોને સ્વતંત્રતા ગમે છે પણ ભેગુ રહેવાનું ગમતું નથી. પણ પરમાત્માની ભેળુ રહેવામાં સ્વતંત્રતા છે કે જુદું રહેવામાં... એ જીવો સમજતા નથી એટલા માટે ના સમજવાથી ભ્રાંતીમાં પડે છે એમ આ શેઠના છોકરાની પત્નીએ પણ જુદા થવાની હઠ લીધી. છોકરાએ વિચાર કર્યો કે હજી ત્રણ ભાઈ નાના છે. હજી મા-બાપને ત્રણ-ત્રણ મિલો ચલાવવાનું કામ છે. જુદા થઈ જશું તો આ ધંધો બધો ભાંગી પડશે. એટલે છોકરો કાંઈ કહે નહિ. પણ પત્નીએ બહુ હઠ લીધી ખાય નહિ ને ખાવા દે નહિ, ઊંઘેય નહિ ને રાત્રે ઊંઘવાય દે નહિ તો છોકરાએ વિચાર કર્યો કે ખાતી નથી ને ઊંઘવાય દેતી નથી. આમનામ જીવાશે ક્યાં સુધી! એટલે છોકરાએ ખાવાનું બંધ કર્યું. એની માતાએ પૂછયું કે કેમ તમે બેય જણા ખાતા-પીતા કેમ નથી? તમને શું તકલીફ છે? જે હોય એ કહી દો. પણ છોકરો કહે કે, માતાજી કાંઈ કહેવાય એવું નથી તમને. માતા-પિતાએ કહ્યું કે જો માતા-પિતાને નહિ કહી શકો તો તમારું દુઃખ કોને જઈને કહેશો? કોઈ ઝાડને કે પહાડને કહેશો તો થોડું કાંઈ પહાડ સાંભળવાનું છે! જે કાંઈ તમારે જરૂર હોય એ કહી દો. છોકરાએ પ્રેમથી પછી કીધું કે માતાજી મારી પત્ની જુદું થવાનું કહે છે પણ મારી કોઈ ઈચ્છા નથી. તો કહે કે તારી ઈચ્છા નથી તો એની ઈચ્છાને શું તું કરીશ! તો (છોકરો) કહે કે એતો હઠ લઈને બેઠી છે. કાંઈ ખાતી નથી ને ખાવા દેવાનું પણ કાંઈ કહેતી નથી. હવે શું કરવું? તો માતાતો સમજી ગઈ કે આને જુદું રહેવાની ઈચ્છા છે. શેઠ ને શેઠાણી બનેએ મળીને નક્કી કર્યું કે જુદું રહેવાનું હોય તોય ભલે ને ભેગા રહે તોય... આપણે એવો વિકલ્પ ઊભો કરો કે જુદું ગમે તો જુદું રહે ને ભેગું ગમે તો ભેગું રહે. શેઠ ને શેઠાણીએ કહ્યું કે જો અત્યારથી જુદું રહેવું હોય તો પૂરો ભાગ નહિ મળે. એ પેલી શરત. મળશે કેટલું ! તો કહે કે એક બંગલો, એક મોટર, એક નોકર ને એક લાખ રૂપિયા રોકડા મળશે. એટલાથી તમારે જે ચલાવવું હોય એ ચલાવો. જો એટલાથી ચલાવી શકતા હો તો જુદા રહો નો ચલાવી શકતા હો તો ભેગા રહો. પેલા છોકરાની વહુ કહે કે,

હમણે એક લાખ રૂપયિા તો ઘણાં છે. એક બંગલોય ઘણો છે ને એક મોટર ય ઘણી છે. આપણે ઝાઝાની શી જરૂર છે. હજી નથી છોકરા કે નથી કુટુંબ નથી મોટું. આપણે એકલા છીએ એક મોટર ઘણી (છે) એમ સમજીને જુદા પડી ગયા. શું થઈ ગયા? બોલો? જુદા રહેવા ગયા. પણ જુદા ગયાને તો સ્વતંત્રતા આવી ગઈ અને સ્વતંત્રતા આવી એટલે રોજ સાપૂતારા ફરવા જાય ક્યારેક ક્યારેક દેલવાડાના દેરા ફરવા જાય ને ક્યારેક ક્યાંય જાય. હવે દુકાન કોણ ચલાવે? નોકર તો એનું ખાય-પીને પડ્યો રહે. ડ્રાઈવર હતો એ તો મોટરમાંથી જ્યાં ત્યાંથી પેટ્રોલ આડાઅવળું બધે ઉડાડી નાખ્યું. ખતમ કરી દીધું. પૈસા લાખ રૂપિયા હતા એ વપરાય ગયા. ધીરે ધીરે મોટર બગડી ગઈ ને દુકાન ય હાલે નહિ. કેમ કે માલ હોય તો ચાલે ને. તો ધીરે ધીરે બધુ બગડી ગયુંને તો શેઠાણી જે મિલમાલિકની છોકરી હતીને એય પીયર જતી રહી. ક્યાં જતી રહી? બોલો? - હવે પેલો છોકરો એકલો થઈ ગયો. નો રહ્યો બાપનો કે નો રહ્યો પત્નીનો. કહેવાય છેને કે ‘ઘરનો નહિ ને ઘાટનો નહિ.’ હવે એકલો એકલો દુકાને એક દિ બેઠો બેઠો ચિંતા કરતો હતો. માથુ ખંજવાળતો હતો. એટલામાં શેઠ રસ્તેથી નીકળ્યા એણે જોયું છોકરા સામું કે આ છોકરો ચિંતામાં કેમ છે? જેના બાપ બેઠા છે એને ચિંતા કરવાની શી જરૂર છે? શેઠે મોટર ઊભી રાખીને છોકરાને પૂછ્યું કે, ‘‘કેમ ચિંતામાં છો?’’ તો છોકરાએ કહ્યું કે ‘પિતાજી! ઘરેય ચાલતું નથી ને દુકાનેય ચાલતી નથી.’ તો કહે કે ઘર કેમ ચાલતું નથી? કે મારી પત્ની પીયર વઈ ગઈ છે. ને એ ફોન ય કરતી નથી. પત્રયે લખતી નથી ને હું પત્ર લખું એનો જવાબ ય આપતી નથી. એટલે મારે હવે એને ‘હા’ માં ગણવું કે ‘ના’ માં ગણવું કાંઈ મને સમજાતું નથી. એટલે ઘરમાં ભોજન-ભોજન કાંઈ બનતું નથી એટલે ઘર ચાલતું નથી. અને દુકાને વેપાર ચાલતો નથી. કેમ કે દુકાનમાં માલ નથી. વેપાર ઘરાક આવે તો વેચવું શું? એટલા માટે હવે તો હું અહીં બેઠો બેઠો હવા ખાવ છું. બીજું કાંઈ મારી પાસે ખાવાનું નથી એટલે હું ચિંતામાં પડ્યો છું, હવે શું કરવું? તો એના પિતાએ શેઠે કહ્યું કે, તારે ચિંતા કરવાની શી જરૂર ક્યારે આવે, જ્યારે પિતા ન હોય ત્યારે, અને પિતા કોઈ આઘા હોય ત્યારે. બોલ, તારા પિતા છે કે નહિ? તો કહે હા, તમે મારા પિતા છો, તો કહે કે હું આઘો છું કે નજીક? નજીક. તો કહે કે બેસી જા ગાડીમાં. ગાડી કે મોટર શું હતી? ... (તૈયાર હતી). તો છોકરો સમજુ હતો તો ફટ ગાડીમાં બેસી ગયો અને બેસી ગયો એટલે ત્રણ મિલનો માલિક બની ગયો. ધ્યાનથી યાદ રાખો? શું બની ગયો? બોલો? કેમ કે પિતા ભેગો ભળ્યો એટલે પિતાનું હતું એ એનું થઈ ગયું અને એનું હતું એ પિતાનું... એટલે મિલો ચલાવવા લાગ્યો. પ્લેનમાં ફરવા લાગ્યો. જ્યાં-ત્યાં જવા લાગ્યો. એની પત્નીને ખબર પડી કે આ પતિદેવ તો ભળી ગયા પીયરમાં કેમ કે એના પિતાએ કહ્યું કે એની પત્ની એને પિયર ગઈ તો તું તારે પીયર આવી જા. છોકરાનું પિયર કયું? બોલો? બાપ. એટલે બાપ ભેગો ભળી જા. તો બાપ ભેગો ભળી જવાથી છોકરો ત્રણ મિલનો માલિક ફરીને બની ગયો ને એની પત્નીએ ફોન કર્યો કે હવે મને લેવા આવો ક્યારે (ફોન) કર્યો? બોલો? જ્યારે સંપત્તિ જોઈ ત્યારે. આ જગતમાં સંબંધ શેનો છે? સંપત્તિ હોય તો બધા ફોન કરે નહીં તો કોઈ ફોન કરતું નથી. તો લોકો એટલા માટે ત્યાં સંપત્તિમાં રહે છે. પણ ભગવાનમાં રહેતા નથી. પણ સાચી સંપત્તિ કઈ? બોલો?... તો પરમાત્મારૂપી સાચી સંપત્તિ એ જેને મળી જાયને એને હંમેશા લક્ષ્મી પણ એની પાછળ પાછળ ફરતી રહે છે. દૃષ્ટાંત તો તમે સમજી ગયા સિધ્ધાંત સમજો (હવે)

**સિધ્ધાંત :-**

કે મૂળ પરમાત્મા છે એનાથી આ કાયા રૂપી શેઠાણી મળી ગઈ ત્યારે જીવ ભગવાનથી જુદો થયો. શું થયો? બોલો? જુદો થયોને ત્યારે એક એક વસ્તુ મળી. શું મળી? બોલો? ભેગો હતોને ત્યારે આખું જગત તમારું હતું. તમે બ્રહ્મ ભેગા હતા ત્યારે આખું જગત કોનું? બોલો? પરમાત્માનું. એટલે તમે આખા જગતના માલિક હતા. અને જ્યારે પરમાત્માથી જુદા થયા ત્યારે શું થયા? બોલો? એક શરીર વાળા થયા એટલે હું એક જાતી. હું બ્રાહ્મણ જાતી વાળો છું. પછી આ ગામ વાળો છું. આ નામવાળો છું. આ કુટુંબવાળો છું. આ ફલાણા વાળો ધંધા વાળો છું. પછી એક ધંધોને એક નાત ને એક જાત ને એક છોકરો ને એક... બધું એક એક થઈ ગયું. બીજું બધુ હતું એ બધું છૂટી ગયું હવે, એકમાંથી કાંઈક બગડે ને જાતુ થાય એટલે શું થઈ જાય? બોલો?.... જીવ હેરાન થઈ જાય. આ શરીર જે છે કાયા રૂપી રાણી મળી ધીરે ધીરે ઘરડી થઈ ને મરી ગઈ એટલે પીયર વઈ ગઈ. માટી ભેગું ભળી જાયને શરીર. ક્યાં ભળી જાય? બોલો?...

**'ખાખ મેં ખપી જાના બંદા, માટી સે મિલ જાના, મત કરો અભિમાન એક દિન પવન સે ઊડી જાના.'**

તો શરીર પીયર વય ગયું. ક્યાં વય ગયું? બોલો? એટલે માટી ભેગું મળી ગયું. આ જીવ શું થઈ ગયો? ના રહ્યો પરમાત્માનો કે ન રહ્યો શરીરનો એટલે જીવ ચિંતા કરવા બેઠો. તો ભગવાન દયાળું એ કહ્યું કે, 'તું શું કામ ચિંતા કરે છે?' તો કહે કે, 'શરીર નથી મારે શેનાથી ભજન કરવું?' તો ભગવાન કહે, 'ભજન-બજન બીજું કાંઈ નહિ મારામાં ભળી જા એ જ ભજન. બીજું શું ભજન!' જો શરીર લેવા માટે પાછો પડીશ તો **'પુનરપિ જનનં પુનરપિ મરણં, પુનરપિ જનની જઠરે શયનં.'** (ચર્પટ પંજરી) અને મેળવવા જાય તો ન મળે. પહેલો છોકરો ફોન કરી કરીને થાક્યો ત્યારે શેઠાણીએ શું કીધું? બોલો? નો મળી. પણ જો બાપ ભેગો ભળી ગયો એટલે તરત આવવા માટે તૈયાર... એમ તમે જો ભગવાન ભેગા ભળોને તો શરીરય જોતું હોય તો શરીરેય મળવા તૈયાર છે એટલા માટે શરીરની આશા કરી તો શરીર આઘું જશે અને ભગવાનની આશા કરો તો પુણ્યશાળી થશો તો શરીર એની મેળાયે પાછળ દોડ્યું દોડ્યું આવશે. પૈસાવાળો છોકરો બાપ ભેગો ભળ્યો એટલે પત્ની તરત આવી એમ તમે ભગવાન ભેગા ભળશો તો ભગવાનના શરીર એ તમારા શરીર છે. આખું વિશ્વ તમારું સ્વરૂપ થઈ જાય. **'આસ પાસ આકાશમાં વિશ્વપતિનો વાસ'** આખા વિશ્વમાં વિશ્વપતિ છે. તમે પણ વિશ્વપતિ થઈ બધા શરીરો તમારા થઈ જશે. બધા બંગલા તમારા થઈ જશે બધો દેશ તમારો થઈ જશે. બધો વેશ તમારો થઈ જશે. ભગવાન ભેગા ભળો એટલી વાર છે. એટલા માટે -

**સર્વ તજીને ભજીએ પૂરણ બ્રહ્મ ને,**
**જે પ્રભુ છે સર્વ દેવના દેવ જો**
**શુક સનકાદિક સંત મહામુનિ જેટલા**
**શરણ ગયા તે સર્વ તર્યા સંસાર જો, સર્વ...**
**માંન્ધાતા સરખા જે મહિપતિ થઈ ગયા,**
**વરીયાં જેણે ભૂમિ કરી ભરતાર જો**
**અંત સમયમાં તે પણ ચાલ્યા એકલા.**
**નવ ગયું સાથે કુટુંબને પરીવાર જો. સર્વ તજીને**

(નારાયણજી કૃત)

તો શું થવું છે? બોલો? પરમાત્મારૂપ થવું છે કે એકટર, ડૉકટર, મિનિસ્ટર થવું છે. શું થવું? બોલો? જેટલા પરમાત્મા થયા એતો પૂર્ણ થઈને મુક્ત થઈ ગયા ને બીજા જીવો જન્મ્યા ને મર્યા જન્મ્યા ને મર્યા. **'પુનરપિ જનનં પુનરપિ મરણં, પુનરપિ જનની**

**જઠરે શયનં.' (ચર્પટ પંજરી)** એટલા માટે **'સર્વ તજીને ભજીએ પૂરણ બ્રહ્મને'** તો ભજવું એટલે શું? બોલો? યાદ રહ્યું! કે પૂરણ ભેગું ભળી જવું. ભજન કરવું એટલે જુદું રહેશોને તો **'અંતર રાખે તો ફળ નહિં ચાખે?** અંતર રાખશો તો શું નહિ મળે? બોલો? ફળ નહિ મળે, નદી જુદી જુદી રહેશે તો સૂકાય જાય ને સાગર ભેગી ભળે તો અમર ને અખંડ થઈ જાય. એટલા માટે પરમાત્માની સાથે એક થઈને પરમાત્માના થઈને પ્રભુ મય થઈને જીવશે એ આનંદના ભાગીદાર થાય છે. એટલા માટે હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું. એવો દૃઢ અભ્યાસ કરીને મુક્ત થઈને જીવવું. પરમાત્મા સર્વને સર્વ પ્રકારે બ્રહ્માનંદના ભાગીદાર બનાવે એવી પ્રાર્થના કરીએ કે -

**સર્વત્ર સુખાનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયા ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત્ દુઃખ ભાગ ભવેત્ ॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

**પ્રિય સજ્જનો,**

કઠોપનીષદ્‌નો પ્રસંગ ચાલે છે. વાયુ બધે એક છે તેને કોઈ બંધન થતું નથી. સૂર્ય સર્વત્ર એક છે સર્વમાં રહેવા થતાં સર્વથી મુક્ત રહે છે. એવી રીતે સર્વ પ્રાણીઓનો જે આત્મા છે એ પણ એક છે અને સર્વ વ્યાપક છે અને બધામાં રહેવા છતાં બધાથી મુક્ત રહે છે.

**आत्माकी असङ्गता**

**सूर्यो यथा सर्वलोकस्य चक्षु-**
**र्न लिप्यते चाक्षुषैबाह्यदोषैः ।**
**एकस्तथा सर्वभूतान्तरात्मा**
**न लिप्यते लाकदुःखेन बाह्यः ॥** २-२-११

સૂર્ય એક છે બધામાં રહેવા છતાં કોઈમાં લેપાયમાન થતો નથી. એમ બધાનો આત્મા સર્વની અંદર એક છે.

**અખિલ બ્રહ્માંડમાં એક તું આતમા,**
**જૂજવે રૂપે અનંત ભાસે**

(નરસિંહ મહેતા)

એ સિધ્ધાંત બરોબર યાદ રાખો કે આત્મા એક છે એમ સમજવાથી રાગ-દ્વેષ છૂટવા જોઈએ. જેમ મારું શરીર ને તારું શરીર, મારો આત્મા જુદો ને તારો આત્મા જુદો થાય ત્યારે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય.

**રાગ દ્વેષ રહ્યા રૂદિયામાં, અનેક દુઃખ ઉપજાવે,**
**કલ્પદ્રુમ ચિંતામણિ સરખી(૨)**
**પ્રભુ ભક્તિ નવ ભાવે રે,**
**જંજાળી જીવડે મુક્તિની જુક્તિ ન જાણી.**

(સ્વામી પ્રિતમદાસજી)

રાગ-દ્વેષ જ્યાં સુધી હૃદયમાં રહેશે ત્યાં સુધી શાંતિ થતી નથી ને ભક્તિ થતી નથી. એટલા માટે આત્મ કલ્યાણ કરવાવાળાએ આત્માને એક સમજીને કોઈની સાથે રાગ-દ્વેષ કરવા નહિ કેમ કે -

**આત્મા સહુનો એક જાણી,**
**કોઈને દુઃખ ન દેવું રે,**
**સુખ દુઃખ સહેજે આવે તે સહીને રહેવું રે.**

(મહાત્મા શ્રીકૃષ્ણજી)

ખાસ કરીને, અહીં ઉપનીષદ્‌ના પ્રસંગમાં બતાવ્યું છે કે આ આત્મા બધા કરતાં શ્રેષ્ઠ જે પરમ તત્ત્વ છે એ જે બ્રહ્મ છે એ જ આત્મા છે એનું વર્ણન કરતાં બતાવ્યું કે ઇન્દ્રિયોથી મહાન મન છે, મનથી મહાન અંતઃકરણ શ્રેષ્ઠ છે, અતંઃકરણથી મહાન આત્મા, આત્માથી મહતત્ત્વ મહાન છે. મહતત્ત્વથી અવ્યક્ત પરે છે. અવ્યક્તથી પુરુષ પરે છે અને **''पुरुषान्न परं किंचित्''** (કઠ - ૧:૩-૧૧) પુરુષથી ઉપર કંઈ નથી.

**यं ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्वं च गच्छति ॥**
२-३-८

(વધુ આવતા અંકે)

## બાળપણના સંસ્કાર

ગોરધનભાઈ જે. ગાબાણી
પીપળીયા

સંસ્કાર-નિર્માણનો સમય છે. માત્ર બાર વરસની ઉંમર સુધીનો. બાર વરસ સુધીમાં જે બીજ વાવી દીધું એવું જ બાળકનું ભવિષ્ય ઉગવાનું છે. બાર વરસ પછી એ તમારા પ્રભાવ હેઠળ નહિ રહે. માટે બાળકનો પ્રથમ બાર વરસનો સમય ખૂબ જ જાળવી લેવો.

બીજીવાત : સંસ્કાર નિર્માણની પ્રક્રિયાને ત્રણ ભાગમાં વહેંચી દો. પહેલો ભાગ : જન્મ પહેલાંનો સમય. બીજો જન્મથી છ વર્ષ સુધીનો અને ત્રીજો ભાગ : સાતથી બાર વર્ષ સુધીનો સમય. આ ત્રણ સમય-અવધિમાં સંસ્કાર નિર્માણની ત્રણ અલગ-અલગ ભૂમિકાઓ ધ્યાનમાં રાખવી જોઈએ. ત્રીજી વાત : બાળક ગર્ભમાં હોય ત્યારથી માતાએ તેને સારૂં વાતાવરણ આપવું જોઈએ. જેથી બાળકના જીવનમાં એ સંસ્કારોનું સિંચન થાય. બાળક ગર્ભમાં હોય ત્યારે માતાએ મનને ખૂબજ પ્રસન્ન રાખવું જોઈએ. આવેશમાં ન આવવું જોઈએ તથા સારાં પુસ્તકનું વાંચન કરવું જોઈએ. સંતોના પ્રવચનની કેસેટ ઘરમાં વસાવીને નિત્ય સાંભળવી. મન વિચલીત થાય તેવું જોવુ નહી ને સાંભળવું નહી. જેટલુ માતાનું મન પવિત્ર હશે. શુભ વિચારોવાળું હશે. તેટલા જ શુભ વિચારો બાળકોના જીવનમાં રોપાશે અને ભવિષ્યમાં એ જ વટવૃક્ષનું રૂપ ધારણ કરશે. ચોથી વાત : બાળકનો જન્મ થાય ત્યારબાદ છ વર્ષ સુધી બાળકને ખૂબ પ્રેમ આપો, હૂંફ આપો, વ્હાલ આપો, બાળકોને વસ્તુઓ નહિ, વ્હાલ જોઈએ છે. આપણે તો બસ જેવું બાળક હઠે ભરાય, બૂમો પાડે, રડવા લાગે કે તરત જ એને ચૂપ કરવા કહે, કાંતો ચોકલેટ કે રમકડું આપીશું, એથીય આગળ જઈએ તો ટીવી ચાલુ કરી દઈશું આમ કરવાથી તમારૂ બાળક થોડીવાર તો ચુપ થઈ જશે પરંતુ એની હઠના મુળમાં શું ખૂટે છે એ ક્યારેય વિચાર્યું છે ખરૂ? વસ્તુઓ આપવાથી જ એનું હૃદય સંતોષ નહિ પામે. માતાના પ્રેમનું સ્થાન ન ચોકલેટ કે ન રમકડું થઈ શકે. આજે મા-બાપ પાસે બાળકોને પ્રેમ આપવા માટે સમય જ ક્યાં છે? મોટાભાગના મા-બાપ. મા-બાપ તો બને છે. પણ લાયકાત વિનાનાં જે બાળક માનો પવિત્ર પ્રેમ નથી પામ્યું. એ બાળક મોટું થશે ત્યારે કોને પ્રેમ આપશે એનો વિચાર કરવો. કોઈએ સરસ કહ્યું છે. મા-બાપ કેવા છે એ જોવા માટે મા-બાપને નથી જોવા. પણ એમના બાળકોને જોવા છે. પ્રેમથી તૃપ્ત બાળક ક્યારેય વસ્તુઓ માગીને તમને પરેશાન નહી કરે. માટે થોડો સમય કાઢો. બાળકને ખોળામાં લ્યો અને તેને પર્યાપ્ત પ્રેમ આપો. બાળપણમાં બાળક દૂધની સાથે માનો પ્રેમ પીતું હોય છે. આજે તો એમાંય ઘણો વિકાસ થયો છે. માનું દૂધ છૂટ્યું અને ભેંસનું દૂધ પિવડાવવાનું શરૂ કર્યું છે. પછી બાળક ભેંસ જેવુ આળસુ ન થાય તો બીજું શું થાય? માટે બાળકને ખૂબ પ્રેમ આપો ક્યારેય બાળકને આવેશમાં આવી આંખ કે હાથ બતાવવાનું સાહસ ન કરશો. એમ કરવાથી બાળકની ભાવનાઓ ખીલી શકતી નથી. પાંચમી વાતઃ બાળક છ વર્ષની ઉંમર પાર કરવા લાગે ત્યારે એને સમજ અને વિવેકબુદ્ધિનું મહત્ત્વ સમજાવો. મહાપુરૂષોની વાર્તાઓ સંભળાવો. કઠિન લાગતા કામો કરવાની પ્રેરણા આપો. નિર્ભય રહેવાના સંસ્કાર આપો. રૂઢિ અને જડતાથી પર જઈ સાચા ધર્મનો મર્મ સમજાવો. સારા મિત્રો અને સારી સંગતનું મહત્વ સમજાવો. સારી ટેવો વિકસિત કરાવો. ક્યારેય ખોટી વાત ન શીખવો, બાળક સામે ક્યારેય ખોટું ન બોલો, ખોટાં પ્રલોભનો ન આપો. સારૂં કામ કરે તો તેને શાબાશી આપો. ખોટું કરે તો પ્રેમથી શીખ આપો જો આવા સંસ્કાર અને આ

પ્રમાણે તાલીમ આપશો ચોક્કસ તમારૂં બાળક દિવ્ય કે ઉમદા બની દુનિયાને કંઈક નવું આપી શકશે. બાળકોને મહીને એક વાર બે વાર સદ્‌ગુરૂસ્થાનમાં લઈ જવા. નિત્ય સવારે પાઠ-પૂજા કરવાની ટેવ પાડવી. વડીલોને નમસ્કાર કરવાની ટેવ પાડવી. દંડવત કરતા શીખડાવવું. બાળકોને દેવમંદિરે લઈ જાવ ત્યારે તેનું મહત્ત્વ સમજાવવું કે મંદિરે જવાથી શું લાભ થાય જો બાળક લાભ દેખાશે તો બાળક તમને પણ મંદિરે લઈ જશે. જેવા સંસ્કાર બાળકમાં પાડશો તેનો લાભ માતા-પિતાને ઘડપણમાં અવશ્ય મળવાનો છે. સારા સંસ્કાર હશે તો સારો લાભ મળશે ને ખરાબ સંસ્કાર હશે તો ખરાબ મળશે. જેવું વાવશો તેવું લણશો.

## ''સત્સંગ એટલે ઉર્ધ્વગતિ''

સુધા એસ. પંચાલ
આંકલાવ

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

પરમાત્માના દરબારમાં પહોંચવાનો રાજમાર્ગ એટલે સંતોનો સંગ અને સત્સંગનો રંગ! પરમાત્માના પ્રેમમાં પાગલ બનેલા એ દિવાનાઓની તો દુનિયા જ કોઈ ઓર! લૌકિક જગત, લૌકિક વ્યવહાર અને લૌકિક પ્રેમથી પર એવી એ અલૌકિક દુનિયાના પાગલપણાનો નશો એકવાર જેને ચઢ્યો...! બસ ! પછી તો આ સાંસારિક પ્રપંચી દુનિયાના લોકો માટે નકામો બની ગયો સમજોને...! પ્રેમદિવાની મેવાડની મહારાણી શ્રીકૃષ્ણની અનન્ય આરાધિકા મીરાંજીએતો બેધડક સંબોધન કર્યું દુનિયાને...!

**સંતન સંગ બેઠ બેઠ લોક લાજ ખોઈ!**
**અસુંવન જલ સીંચ સીંચ પ્રેમ બેલ બોઈ!**

પરમાત્માને પ્રેમ કરવાનો નેશનલ હાઈવે એટલે સંતોનો સંગ એ તેમના દ્વારા પ્રદત્ત સત્સંગ! એટલે જ તો રાજવી કુટુંબની વહુ મીરાંજી લોકલાજ છોડીને સંતોના સંગમાં સત્સંગમાં રંગમાં પરમાત્માના પ્રેમમાં તરબોળ બનીને જાહેર માર્ગ પર નાચી ઉઠ્યાં..! હોઠ તેમના ગાઈ ઉઠ્યા...!

**''પગ ઘૂંઘરૂ બાંધ મીરાં નાચી રે...''**

કેવો ઉન્માદ હશે એ પ્રિયતમ પરમાત્માના પ્રેમનો! કેવળ કલ્પના કરવાથી એ ન જ સમજાય એ તો અનુભવ તો જીવનો ત્યારે જ થાય કે જ્યારે જીવ સંસારના તમામ સુખ-વૈભવ અને ભોગ ઐશ્વર્યને તુચ્છ ગણીને એકમાત્ર પરમાત્માના પ્રેમની પ્રાપ્તિ માટે ઝૂરવાનું શીખી જાય...! તડપવાનું શીખી જાય! રડવાનું શીખી જાય.. પરમાત્મા સુધી પહોંચવાનો પ્રેમ પથ કે સાધનાપથના માર્ગદર્શક છે. પરમાત્માના દિવાના એ સંતો! સંતોનો સંગ અને સત્સંગ જ જીવને પરમાત્માના પરિસરમાં પ્રવેશ કરાવે છે.

૧૩ મી-૧૪ મી શતાબ્દિના યુગપુરૂષ જગદ્‌ગુરૂ શ્રીસ્વામી રામાનંદાચાર્યજીના બાર મુખ્ય શિષ્યોમાં કબીરજીનું નામ આજે પણ લોકોના હૈયે એટલું જ જીવંત છે. જન્મથી જ આત્મજ્ઞાની. મુક્ત એવા સંત કબીરજીએ સદ્‌ગુરૂદેવ શ્રીસ્વામી રામાનંદાચાર્યજીના આશ્રમ ''શ્રીમઠ'' માં સંતોનું સતત સેવન કર્યું હતું. સંત સંગ અને સત્સંગ તેમને અત્યંત પ્રિય હતા. ભક્તિમાંથી મીરાંની જેમ જ સમાજ અને લોકોની પરવાહ કર્યા વિના તેઓ સતત સત્સંગમાં લીન રહેતા, કહેવાયું છે કે સંગ તેવો રંગ...!

માનવ મન ને જો પરમાત્માના રંગમાં રંગવું હોય તો એક સરળ ઉપાય છે. - જેનું નામ છે સત્સંગ!

**''કબીર સંગત સાધુકી, નિતનિત કીજૈ જાય**
**દુરમતિ દૂર બહાવસી, દેશી સુમતિ બતાય!!''**

કબીરજી કહે છે- જીવનમાં સત્સંગને પ્રાધાન્ય આપીને સામાજિક વ્યવહારિક કાર્યોમાંથી સમય કાઢીને પણ સંતોનો સંગ અને સત્સંગ અવશ્ય કરવો જોઈએ. સંતોના સંગનો અને સત્સંગનો વિલક્ષણ પ્રભાવ માનવમન પર પડે છે જેનાથી કુબુદ્ધિ દૂર થાય છે અને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય છે. અહીં કબીરજીના કહેવાનો મર્મ એ છે કે સંતોનાં સંગથી આપણી જે

સાંસારિક (સંસારમાં રત, મોહમાયા આસક્તિમાં ફસાયેલી અને સંસારના જ સર્વસ્વ માનતી) બુદ્ધિ દૂર થાય છે. અને પારમાર્થિક (પરમાત્મા પ્રેમમાં રત અને એકમાત્ર પરમાત્માને જ સર્વસ્વ તેમજ પરમ આરાધ્ય માનતી અને પરમાત્માની પ્રાપ્તિ માટે ઉત્સુક.) બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

એવું કહેવાય છે કે અનેક જન્મોના સુકૃત ભેગા થાય છે ત્યારે સત્સંગ માટેની ઈચ્છા જાગે છે. સત્સંગ માટેની ઉત્સુકતા જ જીવને સંતોનો મેળાવ કરાવે છે. સંત દ્વારા સત્સંગ પામીને જીવ ધન્યતા અનુભવે છે. અરે! જીવ એકવાર સંતોની નજીક જાય તો પણ તેનું કલ્યાણ થઈ જાય! કબીરજીને સત્સંગ અને સંતોનો સંગ અત્યંત પ્રિય તેઓ કહે છે...

**કબીર સંગત સાધુકી, જ્યોં ગન્ધી કી બાસ ।**
**જો કુઢ ગન્ધી દે નહી વો ભી વાસ સુવાસ ॥**

અરે ભાઈ! સંતોની સંગતિ તો પેલા અત્તર વેચનારા સમાન છે! અત્તર વેચનારા પાસે જઈને ઉભા રહો- બસ- એટલું જ જરૂરી... અત્તરવાળાની નજીક કેવળ ઉભા રહેવા માત્રથી હૈયું સુગંધથી તરબતર થઈ જાય! સંતોનું પણ એવું જ છે. અનોખો જાદુ સમાયેલો છે. તેમના સાનિધ્યમાં! ચિત્તને પરમાત્મા તરફ દોરી જવા માટે સંતોની સંગતિ જ પર્યાપ્ત છે. સંતો વાણી થી કંઈ કહે યા ન કહે પરંતુ કેવલ તેમનું સાનિધ્ય સુખ સંસારના તમામ સુખ કરતાં અનેકગણું વધુ છે. સત્સંગ પ્રેમી કબીરજીએ આ જ વાત જુદી રીતે કહી છે.

**એક ઘડી આધી ઘડી, આધિ યે પુનિ આધ ।**
**કબીર સંગત સાધુકી, કટે કોટિ અપરાધ ॥**

કરોડો (પાપકર્મ) અપરાધ નષ્ટ કરવાનું સામર્થ્ય ક્ષણમાત્રના સત્સંગમાં રહેવું છે એવું સચોટ રીતે કહેનાર કબીરજીને મન સત્સંગનું મહત્વ કેટલું હદે તે શબ્દો દર્શાવી શકાય તેમ નથી.

સત્સંગથી વંચિત જીવની કબીરજીને દયા આવે છે. તેઓ અફસોસ વ્યક્ત કરે છે.

**''જો ઘર ગુરૂ કી ભક્તિ નહી, સંત નહી મહિમાન।**
**તા ઘર જમ ડેરા દિયા, જીવન ભયે મસાન ॥**

જ્યાં સંત અને સંતરૂપી ગુરૂની ભક્તિ નથી. જ્યાં સંતના પગલાં નથી તે ઘર ઘર નથી પરંતુ જીવતું જાગતું સ્મશાન છે! કબીરજી અહીં આપણને માર્મિક રીતે ચેતવે છે કે જીવનની સાર્થકતા સંતોનાં સંગમાં છે! જો જીવનમાં સંત અને સત્સંગ ન સાંપડ્યાં તો જીવન નિરર્થક જ ગયું સમજો! કબીરજીને મન તો સત્સંગ અને સંત સંગનું મહત્ત્વ તીર્થયાત્રા કરતાં પણ વિશેષ છે તેઓ કહે છે -

**''મથુરા કાશી દ્વારિકા, હરિદ્વાર જગન્નાથ,**
**સાધુ સંગત હરિભજન બિન કહુ ન આવે હાથ.''**

ભલે તમે કાશી જાવ, મથુરા જાવ, હરિદ્વાર કે જગન્નાથપુરિ જાવ...! બધાં જ તીર્થોની યાત્રા કરો પરંતુ સંતો અને સત્સંગ વિના બધું જ નિરર્થક! સંતોના સંગથી દૂર રહીને વિષયોના રસમાં તરબોળ રહેતાં વિષયી જીવને માટે તો કબીરજી સખેદ કહે છે કે એવો કોણ મૂરખ હશે કે કે જે પવિત્ર ગંગાજીના જળને છોડીને ગંગાજીને કિનારે જ કૂવો ખોદે! વિષયી જીવ એવો જ પાગલ છે. સંતોની સંગતિનો ત્યાગ કરીને જે વિષયજીવોની કુસંગતિ કરે છે અને સાંસારિક ભોગોની પ્રાપ્તિ માટે તેમની પાછળ દોડે છે તે એવો પાગલ છે કે જે વહેતા પવિત્ર ગંગાજળનો ત્યાગ કરીને... તેની નજીક જ કૂવો ખોદવાનો હોય...! કબીરજી કહે છે કે સંતો તો પવિત્ર ગંગાજી જેવા છે સ્વયં તો પવિત્ર છે અને અન્યોને પણ પવિત્ર કરે છે. વિષયોનો સંગ એટલે કુસંગ! સંતોનો સંગ એટલે સત્સંગ સદ્સંગ! કુસંગ એટલે અધોગતિ ! સત્સંગ એટલે ઉર્ધ્વગતિ.

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ ચોગઠ, હાલ સુરત સ્વ. મગનભાઈ રાઘવભાઈ ગોળકીયા (ઉંમર વર્ષ ૯૨) સંવત ૨૦૭૪ ફાગણ વદ-૧૪ તા.૧૬-૩-૨૦૧૮ ને શુક્રવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

## કિર્તન - ૧

આવ્યો છે તું આ સંસારે, જન્મ સફળ તું કરતો જા,
સત્‌ચિત આનંદ રૂપ નિહાળી,આનન્દે ઉછળતો જા. આવ્યો ટેક ૧
માનવ જન્મ મળ્યો અતિ મોંઘો, એના મૂલ્ય સમજતો જા,
ખોટો જાણી ખોઈશ નહીં તું, સદ્‌ગુરુ સેવા કરતો જા. આવ્યો ૨
સદ્‌ગુરુ સેવા જે જન કરશે, એનું મૂલ્ય તે સમજશે.
પ્રભુ ભક્તિનું સાધન સમજી, સચ્ચિદાનંદ સમરતો જા. આવ્યો ૩
વિષયવાસનામાં ન ખોવો, દેહ દેવળમાં પ્રભુને જોવો,
દેહની મમતા દૂર કરીને, આતમને ઓળખતો જા. આવ્યો ૪
માન અને મોટપને તજ જે, ભાવે શ્રી સચ્ચિદાનંદ ભજ જે,
બ્રહ્મચર્યને પ્રીતે પાળી, દિવ્ય જીવન તું જીવતો જા. આવ્યો ૫
કામ ક્રોધ, મદ, મોહને જીતી, વ્યવહાર કરજે રૂડી રીતે,
પ્રેમ તણો પરાગ ભરીને, જીવન પુષ્પ ખીલવતો જા. આવ્યો ૬
શત્રુ મિત્રને સમાન ગણવા, કોઈ જીવ હાથે નવ હણવા,
ચિત્ત વૃત્તિને શાન્ત કરીને, સાચી શાંતિ ભોગવતો જા. આવ્યો ૭
અન્તર શક્તિથી કર્મ કરજે, ફળની આશા તું પરહરજે,
ખોટી ભાવના મનથી મેલી, દિવ્ય ભાવના ભરતો જા. આવ્યો ૮
વહેમ અને વ્યસનોને છોડી, દૂરીજનોની પ્રીતિ તોડી
સંત પુરુષનો સંગ કરીને, જ્ઞાન ગંગામાં ન્હાતો જા. આવ્યો ૯
ત્રણ દેહથી અળગો રહેજે, જીવન મુક્ત થવાને કાજે,
શુદ્ધબુદ્ધ નીજ રૂપ નિહાળી,અખંડઆનંદ અનુભવતો જા. આવ્યો ૧૦

* * * * *

## કિર્તન - ૨ (રાગ : કારતકે કર્મ નિવાર જેવો-ગરબી)

નમુ નમુ ગુરૂજીને વારંવાર રે, તેથી ભવ સાગર પાર સેજે થાય રે !
મોટા મોટા મુનિજન, ગુરૂ ગુણ ગાય રે,
તેથી મોહમાયાની જાળ, પલમાં છૂટી જાય રે !
નારદને સનકાદિક, સદ્‌ગુરૂ મળીયા રે,
તેથી પામી ભૂમાનુભાન, પ્રભુમાં ભળીયા રે !
કૃષ્ણ સાંદીપની; ગુરૂ મળ્યા જ્યારે રે,
ત્રણ લોકનું થયું જ્ઞાન તેને ત્યારે રે !
રામને ગુરૂ વસિષ્ઠ, જ્ઞાનિ મળીયા રે,
પામી નિત્ય નિર્મળ જ્ઞાન, પ્રભુ રૂપે વિચરીયા રે !
અષ્ટાવક્ર ગુરૂદેવ, જનકને મન ભાવ્યા રે
રાજકાજ કરતા તોય, વિદેહ કહેવાયા રે !
વાલ્મીકીને સપ્તઋષિ, ગુરૂ રૂપે મળીયા રે,
પાપ કર્મ છુટ્યા પલમાય, ઋષિઓમાં ભળીયા રે !

અર્જુન યુદ્ધની માંય, દુઃખે ઘેરાણો રે,
નથી મારગ સૂજતો કાંય, મનમાં મૂઝાણો રે !
કૃષ્ણને ગુરૂ રૂપેથી, જ્યારે પોકાર્યા રે,
ત્યારે ટળી ગયું અજ્ઞાન, વિરાટને ભાળ્યા રે !
એકલવ્ય ભીલનો બાળ,વિદ્યા માટે ફરતો રે,
ગુરૂ મૂર્તિ કરી વનમાંય, ધ્યાન જ ધરતો રે !
શ્રદ્ધા ભકિત જે ઉમંગ, હૃદયમાં રાખ્યા રે,
અર્જુન થકી પણ અધિક, વિદ્યાફળ ચાખ્યા રે !
કોત્સઋષિ ગુરૂદેવ, વરતંતુને સેવી રે,
ચૌદ વિદ્યા પામ્યા તેથી અમૂલ્ય ઘણેરી રે !
રામદાસ ગુરૂની કૃપા, શિવાજીને મળતા રે,
શાન્તિ પામતા તે તત્કાળ યુદ્ધમાં ફરતા રે !
રામકૃષ્ણ પરમહંસ ગુરૂની કૃપાથી રે,
થયા વિવેકાનંદ વિશાળ આ અવનીમાં રે !
તોટકાચાર્ય સદા ગુરૂ સેવા કરતા રે,
તેથી વિદ્યા પામ્યા તત્કાળ અમૂલ્ય અનેરી રે !
જે જે પામ્યા જ્ઞાન અપાર, ગુરૂ સેવાથી રે,
તે તે થઈ ગયા ભવથી પાર, એક પલકમાં રે !
આ તો મોટી કહી વાત, નાની છે ઝાઝી રે,
માટે ગુરૂને સેવોને મન ! સંશય ત્યાગી રે !
મારા સદ્‌ગુરૂ સ્વામીદેવ, તમો છો દયાળુ રે,
મારી ઉપર કરોને મ્હેર, સ્વરૂપને ભાળુ રે !
તમો સાચા છો સરજનહાર, જ્ઞાનગંગાના રે !
તેમાં અમોને કરાવો સ્નાન, મટે તાપ અંગોના રે !
ભવદુઃખમાં ભટકયો અપાર, તાપે તપું છું રે,
જન્મ મરણ દુઃખનું મૂળ, અતિ લાંબુ છે રે !
ધરી ધરી દેહ અનેક મુઝાણો રે,
તે દુઃખ ટાળવા કાજ, અતિ અથડાણો રે !
ભમ્યો ભિન્ન ભિન્ન તીર્થ,દેવ દેવી ભાળી રે !
મોટા વ્રત કર્યા ઉપવાસ, કાયાને બાળી રે !
બહુ સાધ્યા મંત્ર ને તંત્ર, એકાન્તે બેસી રે,
તોય વાસના વાધી ઘણી, થઈ બેચેની રે !
કર્યા કર્મ કોટી અપાર, લોકની લાજે રે,
ભમ્યો ભવમાં હું તેના, ફળ ભોગવવા કાજે રે !
ગર્ભનું દુઃખ વિશાળ, કહેતા જીભ થાકે રે,
અતિ પીડા થાય પિંડમાંય, જ્યારે દેહ પાકે રે !
એવા દુઃખ દરીયાની માંય,ડુબુ છું સ્વામી રે,
કૃપા કરો તમો ગુરૂદેવ, છો અંતર્યામિ રે !

આપ ચરણરૂપી નાવ, આપો મને તરવા રે,
અન્ય સાધન સઘળા છે, ભવમાં મરવાના રે !
આપ વ્યાપક છો ગુરૂદેવ, સચરાચરમાં રે,
પણ મન્દ અભાગી નર, સમજે નહિ મનમાં રે !
મારી ઉપર રાખી મ્હેર, મન મંદિરમાં રે,
વહેલા પ્રકાશો શ્રીગુરૂદેવ, રહુ મગનમાં રે !
મારૂ અજ્ઞાન થાય દૂર, જ્ઞાન પ્રતાપે રે,
રાગદ્વેષના બળે બીજ, જ્ઞાન અગ્નિમાં રે !
કામ ક્રોધ લોભ ને મોહ, પલમાં ભાગે રે,
તવ કૃપા થાય ગુરૂદેવ, કદી નવ જાગે રે !
હું અને મારાનો મોહ, મન મંદિરથી રે,
સદા માટે થઈ જાય દૂર, જડજ મૂળથી રે !
મટે હૃદયથી અભિમાન, દેહ જેહનું રે,
ધન યૌવન ને વળી જાત, દેશ વેશનું રે !
સઘળે ભાસે પોતાનું રૂપ, સચ્ચિદાનન્દ રે,
ભિન્ન ભાવે મટે તે વાર, રહે નિજ રૂપે રે !
માટે આપ તણો આધાર, ગુરૂજી સાચો રે !
બીજો સઘળો જગ વ્હેવાર, જાણું કાચો રે !
ધન્ય ધન્ય ગુરૂદેવ, સર્વ પ્રકાશી રે,
અંતર્યામિ નિરંતર દેવ, સકળ ઘટવાસી રે !
ચરણ કમળની સાંય, અમોને આપો રે,
ભવદુઃખ રૂપી સહુ તાપ, પલમાં કાપો રે !
મારા અવગુણોનો પાર,કદી નવ આવે રે,
જો ક્ષમા કરો ગુરૂદેવ, તો દુઃખ જાવે રે !
માધવાનન્દ ગુરૂદેવ ! તમારી સેવામાં રે,
રહેતા પામુ અખંડ સુખ સચ્ચિદાનન્દનું રે !

* * * * *

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ ચોગઠ, હાલ સુરત સ્વ. વલ્લભભાઈ સવજીભાઈ જસાણી (ઉંમર વર્ષ ૬૩) સંવત ૨૦૭૪ ફાગણ સુદ-૬ તા.૨૧-૨-૨૦૧૮ ને બુધવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ આંબલા, હાલ સુરત સ્વ. લવજીભાઈ ઝવેરભાઈ જાસોલીયા (ઉંમર વર્ષ ૮૧) સંવત ૨૦૭૪ ફાગણ વદ-૫ તા.૬-૩-૨૦૧૮ ને મંગળવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

## શ્રી અખંડાનંદ ગિરધારી

વાઘજીભાઈ વઘાસિયા
પીપળીયા

(રાગ - નરશી મહેતાની હુંડીનો)

મારી અરજી સ્વીકારો ગુરૂ દેવ રે, અખંડાનંદ ગિરધારી
મારે એક તમારો આધાર રે, અખંડનંદ ગિરધારી...૧
મને ભવસાગરમાંથી તારો, અખંડાનંદ ગિરધારી
મારો ફરી નો આવે ચોરાશીનો વારો, અખંડાનંદ ગિરધારી...૨

### (રાગ - સાખી)

પ્રથમ નમું ગુરૂ દેવને, લળી લળી લાગુ પાય,
સ્મરણ કર્યે વહેલા આવજો રે, મને આનંદ અનેરો થાય રે - અખંડાનંદ ગિરધારી...૩
પીપળીયામાં તમે પ્રગટ થયા, ધર્યું અખંડાનંદ નામ
કીર્તિ તમારી જળહળી રે, તમે ભક્તોના તારણહાર રે - અખંડાનંદ ગિરધારી...૪
ઓહમ્ સોહમ્‌ના જાપ જપી, ધર્યું ગુરૂજીનું ધ્યાન
મોહમાયાને અળગી કરી રે, તમે નિજાનંદમાં થયા મસ્તાન રે - અખંડાનંદ ગિરધારી...૫
ઈંગળા પીંગળા સુષુમણા સાધી, ત્રિવેણીમાં લાગ્યો તાર
દસ પ્રકારના નાદ વાગવા લાગ્યા રે, તમે ઉજાળ્યો મનુષ્ય અવતાર - અખંડાનંદ ગિરધારી...૬
જીવ શિવનો તમે ભેદ ટાળ્યો, રમી રહ્યા બાવન બાર
નાભી કમળમાં નાદ ગુંજાવ્યો રે, તમે સમજી ગયા વેદનો સાર રે... - અખંડાનંદ ગિરધારી...૭
કાશી વિશ્વનાથને તમે પ્રસન્ન કર્યા, ન રહ્યું દેહનું ભાન
પોતે પોતામાં ભળી ગયા રે, તમે બ્રહ્મમાં થયા મસ્તાન રે - અખંડાનંદ ગિરધારી...૮
અગમ-નિગમની વાત જાણી, ષટ્ચક્રોને નાખ્યા છેદી
ભવનું ભટકણ મટી ગયું રે, તમે મનને કર્યું છે કેદી રે... - અખંડાનંદ ગિરધારી...૯
સંકલ્પ વિકલ્પને સ્થિર કર્યું, મોહ માયા અળગી જાય
ભદ્રામુદ્રા કરી બ્રહ્મનું ધ્યાન ધર્યું રે, તેમાં અજંપા જાપ જપાય રે... - અખંડાનંદ ગિરધારી...૧૦
છપ્પન વર્ષે સમાધિ લીધી, ઝળહળ થયો પ્રકાશ
જ્યોત્યું જળહળી ત્રિલોકમાં રે, વાગ્યા દુંદુભી નાદ રે - અખંડાનંદ ગિરધારી...૧૧
ગુરૂ અખંડાનંદનું સ્મરણ કરશે તે સંસાર સાગર તરી જાય
ગુરૂ પ્રતાપે વાલજી કહે રે, સૌને અખંડ આનંદ થાય રે - અખંડાનંદ ગિરધારી...૧૨

* * * * *

# ગૂરૂ સ્તુતિ

તમે દર્શન દેવા આવો - ગુરૂ અખંડાનંદ બાપજી
તમે સાકાર રૂપે સૃષ્ટિમાં આવો - ગુરૂ અખંડાનંદ બાપજી...૧
તમે ઓચિંતાની લીધી વિદાય - ગુરૂ અખંડાનંદ બાપજી
તમે વાત કરવા ન રહ્યા જરાય - ગુરૂ અખંડાનંદ બાપજી...૨
તમે સુઘડમાં શરીર છોડ્યું - ગુરૂ અખંડાનંદ બાપજી
તમે ચાણોદમાં સમાધિ લીધી - ગુરૂ અખંડાનંદ બાપજી...૩
તમે ચેતન બ્રહ્મમાં ગયા ભળી - ગુરૂ અખંડાનંદ બાપજી
તમે વાસના બીજ નાખ્યું બાળી - ગુરૂ અખંડાનંદ બાપજી...૪
તમે વિશ્વમાં રહ્યા છો વ્યાપી - ગુરૂ અખંડાનંદ બાપજી
તમે જગતમાં અમર રાખ્યું નામ - ગુરૂ અખંડાનંદ બાપજી...૫
તમે અનેક જીવોના તારણહાર - ગુરૂ અખંડાનંદ બાપજી
તમે ભોળા ભક્તોના ભગવાન - ગુરૂ અખંડાનંદ બાપજી...૬
તમે જીવ શિવનો સંચય ટાળ્યો - ગુરૂ અખંડાનંદ બાપજી
તમે એક અદ્વૈત બ્રહ્મ નિહાળ્યો - ગુરૂ અખંડાનંદ બાપજી...૭
તમે પીપળીયામાં જન્મ ધર્યો - ગુરૂ અખંડાનંદ બાપજી
તમે ગુરૂ માધવાનંદનો અવતાર - ગુરૂ અખંડાનંદ બાપજી...૮
તમે જગા બાપાને પાવન કર્યા - ગુરૂ અખંડાનંદ બાપજી
તમે માતા પૂંજી બાની કૂખ ઉજાળી - ગુરૂ અખંડાનંદ બાપજી...૯
તમે બે હજાર છપ્પને પામ્યા નિર્વાણ - ગુરૂ અખંડાનંદ બાપજી
તમે વૈશાખ સુદ એકાદશીને - ગુરૂ અખંડાનંદ બાપજી...૧૦
સુર્યનો લીધો વાર
તમે જ્ઞાનગંગાના દાતા - ગુરૂ અખંડાનંદ બાપજી
તમે અખંડ આનંદમાં રહેતા - ગુરૂ અખંડાનંદ બાપજી...૧૧
તમે વેદાંતનાં કીર્તનો રચ્યા - ગુરૂ અખંડાનંદ બાપજી
તમે વાલજીની વાણીએ વસ્યા - ગુરૂ અખંડાનંદ બાપજી...૧૨

(૧)

# વિજ્ઞાપન

**શ્રી માધવ ગુરૂકુળ, બાકરોલ-વિદ્યાનગર**

આથી આ સંસ્થા સાથે જોડાયેલા તમામ સેવકભાઈઓ - બહેનો તેમજ આ સંસ્થામાં ભણી ગયેલ તમામ વિદ્યાર્થી મિત્રો તથા વાલી મિત્રોને જણાવતા આ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ આનંદની લાગણી અનુભવે છે. આ સંસ્થામાં રહીને અભ્યાસ કરી ગયેલા પૈકીના ઘણા વિદ્યાર્થીઓના આ સંસ્થા દ્વારા અપાયેલ સંસ્કારોથી પરિવર્તન આવ્યું છે. ઘણા વિદ્યાર્થી મિત્રો / વાલીઓ તરફથી સંસ્થાને દાન સાથે પત્રો મોકલાવે છે. જે પૈકીના શ્રી જયદિપ તાવેથીયા - સુરતનો પત્ર અને સંસ્થા તરફથી આભાર માનતો પત્ર વેદ રહસ્યમાં રજુ કરેલ છે. - **કાળુભાઈ કોશીયા**

---

(૨)

**શ્રી કાળુભાઈ કોશીયા**
**શ્રી માધવ ગુરૂકુળ**
**બાકરોલ, વલ્લભવિદ્યાનગર,**

**સુમેરૂ ઈન્ફ્રા સોલ્યુશન**
**તા. ૨૨.૦૨-૨૦૧૮**
**સુરત.**

**પ્રિય કાકા**
**જય સચ્ચિદાનંદ**

હું જયદીપ આર. તાવેથીયા (સુરત) વર્ષ ૨૦૦૯-૨૦૧૩ દરમ્યાન સિવિલ એન્જીનીયરીંગ, બિરલા વિશ્વકર્મા વિદ્યાલયમાં અભ્યાસ કર્યો હતો અમારી કોલેજ ગુજરાતમાં શ્રેષ્ઠ છે તો મારા માતા-પિતાને મારા ખોરાક અને હોસ્ટેલની ચિંતા રહેતી. અને મને માધવ ગુરૂકુળમાં એડમીશન મળ્યુ. તમે અને શ્રી માધવ ગુરૂકુળ બંને એ અમારા અભ્યાસ, સ્વાસ્થ્ય, ખોરાક, સુખ-શાંતિ વિશે દરેક દિવસે સંભાળ રાખી હતી.

મને તે સમયે આશ્ચર્ય થતુ કે કોઈ આટલી ઓછી ફી માં કઈ રીતે અમને નિવાસસ્થાન, ખોરાક, લાયબ્રેરીની સુવિધા તથા ત્રણ વખતનો તંદુરસ્ત ખોરાક સાથે અત્યંત સ્વચ્છ વાતાવરણ આપી શકે.

અને હુ ત્યા ૩ વર્ષ રહ્યો અને દરરોજ તમને આ બધી વસ્તુની સંભાળ રાખતા જોયા અને તે પણ ફક્ત અમારા માટે. તેમાની ઘણી બધી વસ્તુઓ અમે યાદ રાખી જીંદગીના એક ભાગ તરીકે તમે અમને ઘણી બધી વાર ખીજાયા પણ હતા અને તેમાંથી જ અમે સ્વશિસ્તમાં રહેતા શીખ્યા જે આજે પણ અમારી જીંદગીમાં મદદ કરે છે. હું તમારો અને શ્રી માધવ ગુરૂકુળનો ખૂબ જ આભારી છું કે માતા-પિતાની જેમ જ અમારી સંભાળ રાખી. તમે અમારા જીવનમાં સારા લક્ષણો જેવા કે સ્વયં-શિસ્ત આધ્યાત્મિકતા વગેરે રેડ્યા છે જે ખૂબ જ જરૂરી હોય છે. તમારી સાર સંભાળ અને સ્વામીજીના આશીર્વાદથી અમે ખૂબ જ સારી રીતે અભ્યાસ કર્યો અને આજે એવા સ્થાન પર પહોચી ગયા કે જ્યાં અમે સ્થાયી અને સલામત બની ગયા છીએ.

ટ્રસ્ટ અને હોસ્ટેલની સેવા માટે તમારી સ્વીકારેલી જવાબદારી મારા હૃદયને સ્પર્શી ગઈ છે અને શ્રી માધવ ગુરૂકુળ માટે કંઈક કરવા માટે પ્રેરણા આપે છે. ''સ્વામીશ્રી અખંડાનંદ સાગર ચેરીટેબલ ટ્રસ્ટ'' ને આ ટોકન સાથે સેવા મોકલી આપવા બદલ હું ખુબ ખુશી અનુભવુ છું.

હું તમારો, શ્રી માધવ ગુરૂકુળનો સ્ટાફ, ટ્રસ્ટ તથા જેણે તે સમયગાળામાં મારા જીવનમાં મહત્વની ભૂમિકા ભજવી છે તેઓનો ખૂબ આભારી છું.

- **જયદીપ તાવેથીયા, સુરત - મો. ૭૫૭૪૮ ૬૬૦૫૨**

(૩)

**શ્રી કાળુભાઈ કોશીયા**
**શ્રી માધવ ગુરૂકુળ**
**બાકરોલ, વલ્લભવિદ્યાનગર,**
**તા. ૨૭-૦૨-૨૦૧૮**

**પ્રતિ,**
**શ્રી જયદિપ તાવેથીયા**
**સુમેરૂ ઈન્ફ્રા સોલ્યુશન,**
**બી/૧૦, જય આશાપુરી સોસાયટી, ખોડીયાર નગર રોડ, વરાછા, સુરત. મો. : ૭૫૭૪૮ ૬૬૦૫૨.**

**પ્રિય જયદીપ**

આપના તરફથી મોકલાવેલા રૂા. ૩૫,૦૦૦/- (પાત્રીસ હજાર) પુરાનો ચેક આ સંસ્થા ને મળેલ છે. જે બદલ ખૂબ ખૂબ આભાર તેમજ આ સાથે પહોંચ નં. ૨૬૯ તા. ૨૩-૨-૨૦૧૮ની સામેલ રાખેલ છે.

પ.પૂ. પ્રાતઃ સ્મરણીય સદ્‌ગુરૂ સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારાજશ્રી દ્વારા આદ્યજગદ્‌ગુરૂ શંકરાચાર્ય પરંપરામાં પ્રસ્થાપીત સચ્ચિદાનંદ સનાતન ધર્મની ગુરૂ-શિષ્ય પરંપરાની નિર્ગુણ નિરાકાર અમર જ્યોતને આજના વિલાસી જમાનામાં ગુમરાહ થનાર વિદ્યાર્થીને ''શ્રી માધવ ગુરૂકુળ'' માં વિદ્યાભ્યાસ સાથે સતકર્મ અને કર્તવ્યની કેડી ઉપર ધર્મ પરાયણ રાખવા સ્થાપના કરી.

આ સંસ્થામાં કોઈપણ નાતજાતના ભેદભાવ રાખ્યા વગર કોઈ પણ જ્ઞાતિ / ધર્મના વિદ્યાર્થીને ગુરૂકુળમાં પ્રવેશ આપવામાં આવે છે અને જેના કારણે જ આપને આ ગુરૂકુળમાં પ્રવેશ મળેલ હશે.

હાલના માધવપીઠાધીશ્વર પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગર મહારાજ, વેદાન્તાચાર્ય દ્વારા સમાજના અજ્ઞાનરૂપી ઘોર અંધકારમાં અથડાતા માનવ જીવોના કલ્યાણાર્થે તથા સનાતન વૈદિકધર્મ દ્વારા પ્રજાનું ઉત્થાન અને આત્મ દર્શન દ્વારા જન્મ-મરણના ફેરામાંથી મુક્ત કરાવવાનો અથાગ પ્રયત્ન-પ્રયાસ કરી રહ્યા છે.

આ સંસ્થાનો હેતું આજના યુગમાં વિદ્યાર્થીમાં ધાર્મિક શુભ સંસ્કારોનું સિંચન, ચારિત્રનું ઘડતર, ધર્મના સમન્વયયુક્ત શિક્ષણ, સદાચારી, પરોપકારી અને સંયમી જીવન દ્વારા વ્યવહાર માર્ગ અને મોક્ષમાર્ગ સુધારી સમાજને ઉપયોગી બને તેમજ યોગ્ય અને શાંત વાતાવરણ દ્વારા ઉજ્જવળ અભ્યાસકીય કારકીર્દિનું નિર્માણ કરી પોતે (વિદ્યાર્થી) દેશ સેવા, સમાજ સેવા, કુટુંબ સેવા કરી સમાજમાં માનસન્માન અને મર્તબા અને મોભા સાથે જીવી શકે તેમજ આપના જેવા દાતાઓના દાને થકી આ સંસ્થા આર્થિક રીતે પછાત વાલીઓના બાળકોને કોઈપણ જાતના ભેદભાવ રાખ્યા વગર ગુરૂકુળમાં ફી લીધા વગર મદદરૂપ થાય છે. અત્યાર સુધીમાં ૫૦ (પચાસ) બાળકોને ભણાવેલ છે. આ સંસ્થાનો જે હેતુ છે તે આપના હૃદયમાં પ્રવેશી ચૂક્યો છે. જે આપના વિચારો ઉપરથી ફલીત થાય છે. આ સંસ્થા તમામ વિદ્યાર્થીના હૃદયમાં ઉતારવાના અથાગ પ્રયત્નો કરે છે અને કરી રહી છે. આ સંસ્થા દરેક વિદ્યાર્થીને ધાર્મિક આચરણ યુક્ત જીવનશૈલી શિખવાડવા માગે છે. જેથી સમાજમાં અનર્થો અટકે અને સમાજના ઉત્થાનમાં સહભાગી થાય.

વધુમાં આપ આપના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો અને સંસ્થા, દેશ, સમજ, કુટુંબને મદદરૂપ થાવ તેવી આ સંસ્થા સદ્‌ગુરૂ મહારાજ ને પ્રાર્થના કરે છે. તેમજ આજીવન આપના જીવનમાં સ્વયં-શિસ્ત, આધ્યાત્મિકતા, તંદુરસ્ત આરોગ્ય, નિર્વ્યસની, ધાર્મિકભાવના, પરોપકારી, ધાર્મિક સંસ્થા પ્રત્યે સદભાવના અને દાનવૃત્તિની ભાવના વધે તેવી અભ્યર્થના સાથે જય શ્રી સચ્ચિદાનંદ.

આપનો સ્નેહાધિન- **કાળુભાઈ કોશીયા**

ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ



શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ આયોજીત, શ્રી માધવાનંદ આશ્રમ



# બાળ સંસ્કાર શિબિર ભાવનગર - ૨૦૧૮

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી**
**શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ**

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી**
**શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ**

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં તેમજ સંતવૃંદના સાનિધ્યમાં બાળ સંસ્કાર શિબિર ભાવનગર મુકામે તા. ૧-૫-૨૦૧૮ મંગળવાર થી તા. ૬-૫-૨૦૧૮ ને રવિવાર સુધી ૬ દિવસની રહેશે.

તા. – – ૨૦૧૮

❁ પુરૂ નામ : ____________ ____________ ____________
અટક નામ પિતાનું નામ

❁ જન્મ તારીખ : ____________ ઉંમર : ______ મુળ ગામ : __________

❁ હાલનું રહેઠાણનું સરનામુ : ________________________________
________________________________
________________________________

શિબીરાર્થીનો
ફોટો

❁ મોબાઈલ નંબર :– ૧. ______________ અભ્યાસ. __________

❖ બાળ સંસ્કાર શિબિરમાં ભાગ લીધેલ છે? હા/ના ☐ ❖ રોજ સવારે પૂજા–પાઠ–આરતી કરો છો? હા/ના ☐

## ☛ નિયમ

૧. વયમર્યાદા ૧૦ થી ૧૭ વર્ષની ઉંમરના બાળકો આ શિબિરમાં લાભ લઈ શકશે.
૨. શિબિરમાં આવનાર દરેક બાળકોએ નિત્યકર્મ વિધિ માટેની જરૂરીયાત મુજબની વસ્તુઓ સાથે લાવવાની રહેશે. (જેવી કે ચાદર, નેપકિન, પૂજાપાઠ, બાળકનો ફોટો વગેરે...)
૩. શિબિરમાં આવનાર બાળકોએ તા. ૩૦-૪-૨૦૧૮ની સાંજ સુધીમાં ભાવનગર આવી જવું.
૪. પરમ પૂજય સ્વામીજીની આજ્ઞા તથા નિયમોનું પાલન કરવાનું રહેશે.
૫. બાળ સંસ્કાર શિબિરમાં શિસ્તના નિયમોનું પાલન કરવું તેમજ વ્યવસ્થામાં સાથ અને સહકાર આપવો.
૬. બાળ સંસ્કાર શિબિર દરમિયાન તમામ બાળકોએ સમયસર શિબિરમાં હાજર રહેવું.
૭. બાળ સંસ્કાર શિબિરમાં આવનાર બાળકોની તમામ જવાબદારી પોતાના વાલીની રહેશે.
૮. શિબિરમાં આવનાર બાળકોએ તા. ૨૨/૦૪/૧૮ સુધીમાં ફોર્મ ભરી શ્રી માધવાનંદ આશ્રમ, ન્યુ એરોડ્રામ રોડ, ભાવનગર જાનીભાઈને અથવા અમીબેનને જમા કરાવવું
૯. જે બાળકોએ શિબિરમાં ભાગ લેવો હોય તેઓને આ ફોર્મ વેદ રહસ્યમાંથી ઝેરોક્ષ કરી ભરીને આશ્રમે જમા કરાવવું.

**બાળકની સહી** ____________________ **વાલીની સહી** ____________________

**:: શિબિર સ્થળ ::**

**શ્રી માધવાનંદ આશ્રમ, ૧૦૮૫, પટેલ પાર્ક, ન્યુ એરોડ્રામ રોડ, ભાવનગર.**

સંપર્ક : જાનીભાઈ-મો. ૯૧૩૭૩ ૦૧૦૮૦, અમીબેન - મો. ૯૯૦૯૮ ૯૯૫૦૦

ॐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ

શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ આયોજીત, શ્રી માધવાનંદ આશ્રમ

# બાળ સંસ્કાર શિબિર ચાણોદ – ૨૦૧૮



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં તેમજ સંતવૃંદના સાનિધ્યમાં બાળ સંસ્કાર શિબિર ચાણોદ મુકામે તા. ૮-૫-૨૦૧૮ મંગળવાર થી તા. ૧૩-૫-૨૦૧૮ ને રવિવાર સુધી ૬ દિવસની રહેશે.

તા. – – ૨૦૧૮

❁ પુરૂ નામ : ____________ ____________ ____________
અટક નામ પિતાનું નામ

❁ જન્મ તારીખ : ____________ ઉંમર : ______ મુળ ગામ : __________

❁ હાલનું રહેઠાણનું સરનામુ : ______________________________

______________________________

______________________________

શિબીરાર્થીનો ફોટો

❁ મોબાઈલ નંબર :– ૧. ______________ અભ્યાસ. __________

❖ બાળ સંસ્કાર શિબિરમાં ભાગ લીધેલ છે? હા/ના ☐ ❖ રોજ સવારે પૂજા–પાઠ–આરતી કરો છો? હા/ના ☐

## ☛ નિયમ

૧. વયમર્યાદા ૧૦ થી ૧૭ વર્ષની ઉંમરના બાળકો આ શિબિરમાં લાભ લઈ શકશે.
૨. શિબિરમાં આવનાર દરેક બાળકોએ નિત્યકર્મ વિધિ માટેની જરૂરીયાત મુજબની વસ્તુઓ સાથે લાવવાની રહેશે. (જેવી કે ચાદર, નેપકિન, પૂજાપાઠ, બાળકનો ફોટો વગેરે...)
૩. શિબિરમાં આવનાર બાળકોએ તા. ૭-૫-૨૦૧૮ની સાંજ સુધીમાં ચાણોદ આવી જવું.
૪. પરમ પૂજય સ્વામીજીની આજ્ઞા તથા નિયમોનું પાલન કરવાનું રહેશે.
૫. બાળ સંસ્કાર શિબિરમાં શિસ્તના નિયમોનું પાલન કરવું તેમજ વ્યવસ્થામાં સાથ અને સહકાર આપવો.
૬. બાળ સંસ્કાર શિબિર દરમિયાન તમામ બાળકોએ સમયસર શિબિરમાં હાજર રહેવું.
૭. બાળ સંસ્કાર શિબિરમાં આવનાર બાળકોની તમામ જવાબદારી પોતાના વાલીની રહેશે.
૮. શિબિરમાં આવનાર બાળકોએ તા. ૩૦/૦૪/૧૮ સુધીમાં ફોર્મ ભરી ચાણોદ અથવા સુરત, ઉદયનગર-૧, કતારગામ રોડ, શ્રી માધવાનંદ આશ્રમમાં જમા કરાવવું
૯. જે બાળકોએ શિબિરમાં ભાગ લેવો હોય તેઓને આ ફોર્મ વેદ રહસ્યમાંથી ઝેરોક્ષ કરી ભરીને આશ્રમે જમા કરાવવું.

**બાળકની સહી** ____________________ **વાલીની સહી** ____________________

**:: શિબિર સ્થળ ::**

**શ્રી માધવાનંદ આશ્રમ, મુ. ચાણોદ, તા. ડભોઈ, જી.વડોદરા**

ફોન નં. :– ૦૨૬૬૩–૨૩૩૩૬૨, મો. ૯૮૨૫૧ ૨૦૬૨૧

ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુ ર્ગુરૂર્દેવો મહેશ્વર; ।
ગુરૂ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી માધવાનંદજી મહારાજ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

## પીપળીયા ગામના આંગણે અખંડ જીવન જયોત પ્રાગટ્ય ભૂમિમાં

# ૧૮ મો નિર્વાણ જયંતિ મહોત્સવ

પીપળીયા ગામથી લી. પરમ પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીના ચરણો પાસક સમસ્ત સેવક ગણનાં જય સચ્ચિદાનંદ વાચજો. જય સચ્ચિદાનંદ ખુશાલી સાથ જણાવવાનું કે પરમ પૂજ્ય આર્યદિવાકર યતીન્દ્રવર્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય સચ્ચિદાનંદ સ્વરૂપ **શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીની** અસીમ કૃપાથી તેમજ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ત્યાગમૂર્તિ સચ્ચિદાનંદ સ્વરૂપ **શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીના** આશીર્વાદથી આ વર્ષ પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીનો **૧૮મો નિર્વાણ જયંતિ મહોત્સવ** સંવત ૨૦૭૪ વૈશાખ સુદ અગિયારસને ગુરૂવાર તા. ૨૬-૦૪-૨૦૧૮ના શુભ દીવસે

# પીપળીયા ગામના આંગણે

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.

તો આ પ્રસંગે સંતો-મહંતો-મહામંડલેશ્વરો તથા વિદ્વાન મહાપુરૂષો પધારશે, તો આ મંગળમય પ્રસંગે ઉપસ્થિત રહી પૂજન, અર્ચન, દર્શન તથા આશિર્વચનનો અમૂલ્ય લાભ લેવા સર્વે ભાવિક ભાઈ-બહેનોને ભાવભર્યું આમંત્રણ છે, તો અવશ્ય લાભ લેવા પધારશોજી.

# નિર્વાણ જયંતિ મહોત્સવ કાર્યસુચિ

**: શોભાયાત્રા :**

**તા. ૨૫/૪/૨૦૧૮ને બુધવારે સાંજે ૪.૦૦ કલાકે. રાત્રે ૮.૩૦ કલાકે : પ્રાર્થના તથા સંતોના પ્રવચન**

**તારીખ ૨૬/૦૪/૨૦૧૮ને ગુરૂવાર**

- સવારે : ૫.૦૦ થી ૫.૩૦ પ્રભાતિયા
- સવારે : ૫.૩૦ થી ૭.૧૫ શ્રી ગુરૂગીતાનો નાનો-મોટો પાઠ
- સવારે : ૭.૧૫ થી ૮.૦૦ ચા-પાણી નાસ્તો
- સવારે : ૮.૦૦ થી ૯.૦૦ શ્રી સદ્ગુરૂ પૂજન
- સવારે : ૯.૦૦ થી ૯.૩૦ સંતોનું સ્વાગત-સન્માન
- સવારે : ૯.૩૦ થી ૧૨.૩૦ મહાપુરૂષોનું પ્રવચન-શ્રદ્ધાંજલિ વિષય-ગુરૂભક્તિ
- બપોરે : ૧૨.૩૦ થી ૨.૦૦ મહાપ્રસાદ
- સાંજે ૪-૦૦ થી ૬-૩૦ : સંતોના પ્રવચન તથા આરતી
- રાત્રે ૮-૩૦ : પ્રાર્થના, પ્રવચન અને રાસગરબા


**:: નિમંત્રક ::**

## સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, પીપળીયા

**''અખંડ ધામ'', મું. પીપળીયા, તા. શિહોર, જી. ભાવનગર, સૌરાષ્ટ્ર,મો. ૯૯૨૪૨ ૩૧૭૧૩, ૯૯૨૪૫ ૧૫૦૬૦**

સુરત થી પીપળીયા જવા બસ માટે સંપર્ક : શ્રી બ્રહ્માણી ટ્રેવેલ્સ,જીવનદીપ કોમ્પલેક્ષ, હિરાબાગ સર્કલ, વરાછા રોડ,મો. ૯૭૩૭૨ ૫૫૧૫૫, ૯૪૯૦૦ ૯૯૦૮૧ (સંજયભાઈ)
પીપળીયા થી સુરત આવવા બસ માટે સંપર્ક : ૯૭૩૭૨ ૫૫૧૫૪, ૯૦૧૬૨ ૦૪૬૨૦ (મનોજભાઈ)

## પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ



### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (ખટનાલ) (નારણપુરા)

- **કથા પ્રારંભ :** ચૈત્ર વદ-૧, રવિવાર તા. ૦૧-૦૪-૨૦૧૮.
- **કૃષ્ણ જન્મોત્સવ :** ચૈત્ર વદ-૫ ને ગુરૂવાર તા. ૦૫-૦૪-૨૦૧૮.
- **કથા પૂર્ણાહૂતિ :** ચૈત્ર વદ-૭ ને શનિવાર તા. ૦૭-૦૪-૨૦૧૮.
- **કથા સ્થળ :** મુ. ખટનાલ (નારણપુરા) તા. ખંભાત, જિ. આણંદ.
- **આયોજક :** પટેલ રમણભાઈ ભીખાભાઈ, રાવજીભાઈ ભીખાભાઈ, પ્રફુલભાઈ રમણભાઈ, મયંક રાવજીભાઈ,

---

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (ઉદેલ)

**દિક્ષિત માણેકલાલ છોટભાઈ તથા દિક્ષિત જશોદાબેન માણેકલાલના સ્મરણાર્થે**

- **કથા પ્રારંભ :** ચૈત્ર વદ-૯, સોમવાર તા. ૦૯-૦૪-૨૦૧૮.
- **કૃષ્ણ જન્મોત્સવ :** ચૈત્ર વદ-૧૧ ને શુક્રવાર તા. ૧૩-૦૪-૨૦૧૮.
- **કથા પૂર્ણાહૂતિ :** ચૈત્ર વદ-૧૪, રવિવાર તા. ૧૫-૦૪-૨૦૧૮.
- **કથા સ્થળ :** મુ. ઉદેલ, તા. ખંભાત, જિ. આણંદ.
- **આયોજક :** દિક્ષિત ચંદ્રકાંત માણેકલાલ, દિક્ષિત ધ્રુવકુમાર માણેકલાલ, દિક્ષિત જીમાશભાઈ ચંદ્રકાંતભાઈ, દિક્ષિત અંકિત ધ્રુવકુમાર

---

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (વામજ)

- **કથા પ્રારંભ :** વૈશાખ સુદ-૩, બુધવાર તા. ૧૮-૦૪-૨૦૧૮.
- **કૃષ્ણ જન્મોત્સવ :** વૈશાખ સુદ-૭ ને રવિવાર તા. ૨૨-૦૪-૨૦૧૮.
- **કથા પૂર્ણાહૂતિ :** વૈશાખ સુદ-૯, મંગળવાર તા. ૨૪-૦૪-૨૦૧૮.
- **કથા સ્થળ :** શ્રી માધવાનંદ આશ્રમ, મુ. વામજ, તા. કડી, જિ. મહેસાણા
- **આયોજક :** શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ,
- **સંપર્ક : નરેન્દ્રભાઈ-૯૯૭૯૦ ૦૭૭૯૦, ભૂપતભાઈ-૭૭૭૮૮ ૯૯૫૭૧, સીતારામભાઈ-૯૮૨૪૬ ૭૦૭૨૯**

**તા. ૨૫-૪-૨૦૧૮ પીપળીયા પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીની નિર્વાણ જયંતિ મહોત્સવમાં પધારશે.**


---

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (સુરત, પાસોદરા)

**કથાનો સમય: રાત્રે ૮ થી ૧૧:૩૦**

- **કથા પ્રારંભ :** વૈશાખ વદ-૧, મંગળવાર તા. ૦૧-૦૫-૨૦૧૮.
- **કૃષ્ણ જન્મોત્સવ :** વૈશાખ વદ-૫ ને શનિવાર તા. ૦૫-૦૫-૨૦૧૮.
- **કથા પૂર્ણાહૂતિ :** વૈશાખ વદ-૭, સોમવાર તા. ૦૭-૦૫-૨૦૧૮.
- **કથા સ્થળ :** બી-૨, ૫૦૩, સૌરાષ્ટ્ર ટાઉનશીપ-૨, જે. બી. ડામંડ સ્કૂલ પાછળ, પાસોદરા, સુરત.
- **આયોજક :** વિજયભાઈ વી. શિયાણી - મો. ૯૨૭૪૦ ૨૧૯૬૦, ધર્મેશભાઈ પી. કોશીયા - મો. ૯૩૭૪૦ ૨૧૯૬૦, ચીમનભાઈ જે. લાખાણી - ૭૯૮૪૭ ૭૪૩૫૭, રામજીભાઈ - ૯૮૯૮૫ ૨૭૫૮૩

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- તા. ૭-૪-'૧૮ સવારે ચાણોદ. બપોરે ભીક્ષા લઈ સાંજે વસ્તડી પધારશે.
- તા. ૮-૪-૨૦૧૮ સવારે આકરૂ - ઉંચડી - સાંજે પીપળીયા પધારશે. પરમ પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીની તિથિ નિમિત્તે પીપળીયા પધારશે.
- તા. ૧૦-૪-'૧૮ થી ૧૪-૪-'૧૮ સુધી નાના સુરકા, પાલડી, ચોગઠ, ઉમરાળા, દડવા ગામોમાં દિવસ દરમ્યાન એક એક દિવસ પધારશે.
- પ. પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો ૧૮ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૭૪ વૈશાખ સુદ-૧૧ને ગુરૂવાર તા. ૨૬-૦૪-૨૦૧૮ના રોજ પીપળીયા ગામે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.
- તા. ૨૭-૦૪-૨૦૧૮ થી તા. ૨૯-૦૪-૨૦૧૮ સુધી સૌરાષ્ટ્રમાં વિચરણ કરશે.
- તા. ૩૦-૦૪-૨૦૧૮ - ભાવનગર પધારશે.
- તા. ૦૧-૦૫-૨૦૧૮ થી તા. ૦૬-૦૫-૨૦૧૮ સુધી બાળ સંસ્કાર શિબિર ભાવનગર મુકામે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં થશે.
- તા. ૦૭-૦૫-૨૦૧૮ - ભાવનગર થી ચાણોદ પધારશે.
- તા. ૦૮-૦૫-૨૦૧૮ થી તા. ૧૩-૦૫-૨૦૧૮ સુધી બાળ સંસ્કાર શિબિર ચાણોદ મુકામે પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં થશે.



## પૂ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્યનો કાર્યક્રમ

- તા. ૨૩-૦૪-૨૦૧૮ સુધી શ્રી માધવાનંદ આશ્રમ હરિદ્વાર.
- તા. ૨૪-૦૪-૨૦૧૮ - શ્રી માધવાનંદ આશ્રમ સુઘડ (અમદાવાદ).
- તા. ૨૫-૦૪-૨૦૧૮ - પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીની નિર્વાણ જયંતિ મહોત્સવમાં પીપળીયા પધારશે.
- તા. ૨૭-૦૪-૨૦૧૮ થી ૧૨-૦૫-૨૦૧૮ પરિભ્રમણ.
- તા. ૧૩-૦૫-૨૦૧૮ શ્રી માધવાનંદ આશ્રમ હરિદ્વાર.

**-: દરેક સેવક ભાઈઓ બહેનોને ખાસ સુચના :-**

**ચાણોદ શ્રી માધવાનંદ આશ્રમમાં આવતાં પહેલાં આગલા દિવસે ઓફીસનો સંપર્ક ફરજિયાત કરવાનો રહેશે. ફોન. ૦૨૬૬૩-૨૩૩૩૬૨ મો. ૯૮૨૫૧૨૦૬૨૧**

**વેબસાઈટ : www.omshreemadhavanandji.org**

GET IT ON Google play | Download on the App Store














પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી પીપળીયા ગામે તા. ૨૬-૨-૨૦૧૮ના રોજ પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીની તિથી નિમિત્તે માર્ગદર્શન આપવા પધાર્યા હતા.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2019
POSTRAL REGI. NO. SRT-771/2017-19
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

Printed Book



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી તા. ૨૦/૨૧ માર્ચ, ૨૦૧૮ બે દિવસ ચાણોદધામે પધાર્યા હતા

**BOOK POST**

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

**If Not Delivered Please Return To :-**

**: મુખ્ય કાર્યાલય :**

**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**

**"વેદ રહસ્ય કાર્યાલય"**

**શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,**
**કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.**
**ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦**

Published by Swami Shri Jagdishanand Sagarji Maharaj on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1 Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published.from Sachchidanand.Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Laxmanbhai Jerambhai Sonani.
Price per Copy Rs. 50/-